# <u>જાહેરાતનો નમૂનો</u>

Samagra Shiksha

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં "ખેલ સહાયક યોજના" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "ખેલ સહાયક યોજના" ની અંગેની જાહેરાત.

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિક્સ મહેનતાણું | વય મયાર્દા |
|---|---|---|---|
| ૧ | ખેલ સહાયક યોજના | રૂા.૨૧,૦૦૦/- | ૪૦ વર્ષ |

ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં "ખેલ સહાયક યોજના" માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક તા.૧૦-૦૭-૨૦૨૩ની જોગવાઈ મુજબ શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "ખેલ સહાયક યોજના" ની જગ્યાઓની ભરતી માટે પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. **<u>નામદાર હાઇકોર્ટના ચુકાદા અન્વયે વયમર્યાદામાં ૪૦ વર્ષ સુધી વધારો કરેલ છે. જે ઉમેદવારોની વયમર્યાદાના કારણે અરજી કરી શક્યા નથી તેવાં ઉમેદવાર પાસે નવેસરથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.</u>**

ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન-લાઇન અરજી કરવાની તારીખ **08/04/2025** સુધીની રહેશે.

ઉમેદવારે **ઓન-લાઇન અરજી http://khelsahayak.ssgujarat.org/** વેબસાઇટ પર જઇ કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

ઓન-લાઇન અરજી કરવાની તારીખઃ 03/04/2025 (૧૪:૦૦ કલાક થી શરૂ)

ઓન-લાઇન અરજી કરવાની છેલ્લી તારીખઃ **08/04/2025** (૨૩:૫૯ કલાક સુધી)

**સહી/-**

**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સમગ્ર શિક્ષા**

**સેકટર-૧૯, ગાંધીનગર**